# અરવલ્લીની ગિરિમાળાની દીકરીની ગુંજ દુનિયામાં

## ઇન્ડિયન સ્પેસ ઓલમ્પિયાડ-૨ સ્પર્ધામાં પ્રથમ, જુ.સાયન્ટીસ્ટ તરીકે ઇન્ટરનેશનલ લેવલે ચર્ચા કરશે

અરવલ્લી જીલ્લાના અંતરિયાળ વિસ્તાર એવા મેઘરજ તાલુકાના ગોઢા ગામની ત્વિષા ચૌધરી નામની ૧૭ વર્ષીય યુવતીએ પોતાના સ્વપ્નોને સાબિત કરી બતાવ્યા છે. ઈસરોમાં ઈન્ડિયન સ્પેસ ઓલમ્પિયાડ-૨ ક્ષેત્રોની પરીક્ષામાં સમગ્ર ભારતમાં પ્રથમ નંબર આવતા ચંદ્રયાન મિશન-૨માં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. ત્વિષાએ સાયન્ટીસ્ટ બનવા માટે જોયેલ સ્વપ્નને સાકાર કરવામાં તેના મમ્મી-પપ્પા કરતા વધુ નાના-નાની અને મામા-મામીનો સહયોગ મળી રહ્યો છે. ત્વિષાએ ધો.૫ થી નેશનલ સ્પેસ સાયન્સ એકઝામીનેશનની પરીક્ષાની તૈયારી કરી રહી હતી, આ પરીક્ષામાં સતત ત્રણ વર્ષ સુધી નિષ્ફળતા મળ્યા બાદ વધુ મહેનત માટે ત્રણ વર્ષ સુધી પરીક્ષા આપી ન હતી અને આખરે ચાલુ વર્ષે લેવાયેલ પરીક્ષામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી 'અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી'ની કહેવતને અંતરિયાળ વિસ્તારમાં વસવાટ કરતી હોવા છતાં સાચી રીતે સાર્થક કરી સમગ્ર દુનિયામાં ડંકો વગાડ્યો છે. ત્વિષા ચૌધરીએ પરિવાર તેમજ સમાજ, રાજ્ય અને ભારત દેશનું નામ રોશન કર્યું છે.




૧૭ વર્ષીય ત્વિષા જયેશભાઇ ચૌધરીએ ઈસરોમાં ઈન્ડિયન સ્પેસ ઓલમ્પિયાડ-૨ સ્પર્ધામાં સમગ્ર ભારતમાં પ્રથમ નંબર આવતા ચંદ્રયાન મિશન-૨ વિષયમાં અવ્વલ નંબર પ્રાપ્ત કરતા ઈસરો દ્વારા યોજવામાં આવતી ટેડ એક્સ ઈવેન્ટમાં જુનિયર સાયન્ટિસ્ટ તરીકે ઈન્ટરનેશનલ લેવલે ચર્ચા વિચારણાઓ કરવા માટે પસંદગી કરવામાં આવતા ત્વિષા અને તેના પરિવારજનો પર અભિનંદનની વર્ષા થઇ રહી છે.

ત્વિષા ચૌધરીને ગુજરાતી સાહિત્ય પ્રત્યે પણ ખુબ જ લગાવ છે અને કવિતા પણ લખી જાણે છે અને આ કવીતા થકી કલા ઉત્સવમાં રાજ્યમાં નામના મેળવી ચુકી છે સાયન્સ અને સાહિત્યનો અદ્દભુત સમન્વય ધરાવતી ત્વિષા ચૌધરી ઈસરોમાં સાયન્ટીસ્ટ તરીકે જોડાવવા માટે અથાગ મહેનત કરી રહી છે.

### ત્વિષા ચૌધરીએ ધો.૫ ના અભ્યાસ દરમિયાન અમદાવાદ સાયન્સ સીટીમાં ઈસરોનું એકઝીબીશન જોઈ સાયન્ટિસ્ટ બનવાનું નક્કી કર્યું

ત્વિષા ચૌધરી જયારે ધો.૫ માં અભ્યાસ કરતી હતી ત્યારે સૌપ્રથમ ચંદ્રની ધરતી પર પગ મુકનાર નીલ આર્મસ્ટ્રોંગ વિષે જાણ્યું હતું અને અવકાશી ખગોળશાસ્ત્ર વિષે રૂચિ પેદા થઈ હતી અને સાયન્ટીસ્ટ બનવાનું સ્વપ્ન જોવા લાગી હતી, સમય સંજોગ અનુસાર ધો.૫ ના અભ્યાસ દરમિયાન અમદાવાદ સાયન્સ સીટીની મુલાકાત લીધી હતી ત્યારે ઈસરોના કેટલાક પ્રોજેક્ટ અને એ વર્ષ પછી જે પ્રોજેક્ટ કરવાના હતા તેનું એક્ઝિબિશન રાખેલું હતું. એ એક્ઝિબિશનમાં ત્યાં ઉપસ્થિત ઈસરોમાં એ સમયે ફરજ બજાવી રહેલા એન્જિનિયર થકી આ પરીક્ષાની માહિતી મેળવી હતી.



સૌ પ્રથમ તો નેશનલ સ્પેસ સાયન્સ એક્ઝામિનેશનની પરીક્ષા પાસ કરી અને ઈન્ડિયન સ્પેસ ઓલમ્પિયાડ માટે સિલેક્ટ થઈ હતી. જોકે નેશનલ સ્પેસ સાયન્સ એકઝામીનેશનની પરીક્ષાની તૈયારી ધોરણ પાંચથી કરેલી પણ આ પરીક્ષામાં સતત ત્રણ વર્ષ સુધી નિષ્ફળતા મળી વચ્ચે ત્રણ વર્ષ સુધી પરીક્ષા ન આપી. એના વિશે થોડી વધારે તૈયારી કરી અને ત્યાર પછી ધોરણ-૧૧માં સૌપ્રથમ વાર પૂરેપૂરા આત્મવિશ્વાસ સાથે ઈન્ડિયન સ્પેસ ઓલમ્પિયાડની પરીક્ષા આપી હતી. જેમાં ગુજરાતમાં પ્રથમ નંબરે અને ભારતમાં દ્વિતીય ક્રમે આવી હતી. ત્યાર પછી ઈન્ડિયન સ્પેસ ઓલમ્પિયાડ પ્રિલિમ્સની પરીક્ષા આપી જેમાં માર્કિંગના આધારે વર્ષ-૨૦૨૦ પછી યોજવામાં આવેલા પ્રોજેક્ટની વહેંચણી કરવામાં આવી. જેમાં ત્વિષાના ભાગે ચંદ્રયાન-૨નો લોન્ચિંગ ડિપાર્ટમેન્ટ આવ્યો. ત્યારબાદ જાન્યુઆરી ૨૦૨૧માં ઈન્ડિયન સ્પેસ ઓલમ્પિયાડ-૨ પરીક્ષા આપી હતી.

જેમાં ૬ જાન્યુઆરીના રોજ પરિણામ જાહેર કરતા ત્વિષા ચૌધરી સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે અને ઈસરો દ્વારા યોજવામાં આવતી ટેડ એક્સ ઈવેન્ટમાં જુનિયર સાયન્ટિસ્ટ તરીકે ઈન્ટરનેશનલ લેવલે ચર્ચા વિચારણાઓ કરવા માટે પસંદગી કરવામાં આવી છે. ત્વિષાએ ઈન્ડિયન સ્પેસ ઓલમ્પિયાડ મેઈન્સની પરીક્ષા જે ઓગસ્ટમાં લેવાની છે. તેની તૈયારીઓ પુરજોશમાં કરી રહી છે જો તેમાં જ્વલંત સફળતા પ્રાપ્ત કરશે તો ત્વિષાનું ઈસરો થકી એમ્પ્લોયર તરીકે પસંદ કરવામાં આવશે અને પ્રથમ ત્રણ વર્ષ સુધી એકેડેમિક એન્ડ પ્રેક્ટીકલ બંને રીતથી ટ્રેન કરવામાં આવે અને ત્યારબાદ મને ઈસરોમાં સિનિયર સાયન્ટિસ્ટ તરીકે પસંદ કરવામાં આવશે તેવો આશાવાદ રાખી રહી છે.

# ગાંધીનગરમાં ટુરીઝમ એવોર્ડ-૨૦૨૦ સિઝન ૪ સંપન્ન

## વિવિધ કેટેગરીમાં ૭ એવોર્ડઝ રૂપાણી દ્વારા અર્પણ : ગાંધીનગરના ગીફ્ટ સિટી ખાતે ટુરીઝમ એવોર્ડ-૨૦૨૦ સિઝન ૪ના એવોર્ડ વિતરણ સમારોહ યોજાયો હતો

ગાંધીનગર, તા.૧૧

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું કે, ગુજરાતમાં ડેઝર્ટ ટુરીઝમ, હેરિટેજ ટુરીઝમ, સ્પિરિચ્યુઅલ ટુરીઝમ, એડવેન્ચર ટુરીઝમ, મેડિકલ ટુરીઝમ અને સ્પોર્ટ ટુરીઝમ વગેરે ક્ષેત્રે વિકાસની અસિમ સંભાવનાઓ રહેલી છે. સરકાર ટુરીઝમ માટે રાજ્યમાં વર્લ્ડ ક્લાસ આંતરમાળખું ઊભું થાય તે માટે પ્રયાસરત છે. ગાંધીનગરના ગીફ્ટ સિટી ખાતે આયોજીત ટુરીઝમ એવોર્ડ-૨૦૨૦ સિઝન ૪ના એવોર્ડ વિતરણ સમારોહમાં મુખ્યમંત્રીએ કહ્યું કે, ગુજરાત એક એવું રાજ્ય છે જેની પાસે રણ, દરિયો, જંગલ, વન્યજીવ, પહાડો અને ઋતુઓનું વૈવિધ્ય છે. રાજ્યના પ્રવાસન ક્ષેત્ર માટે આ એક સોનેરી તક છે. પ્રકૃતિએ ગુજરાત પર ખૂબ વરસાવ્યું છે.



રાજયના પ્રવાસન ક્ષેત્રે નજરાણા સમાન સ્ટેચ્યુ ઓફ યુનિટી, સફેદ રણ, સાસણ જંગલ સફારી ઉપરાંત હવે સરકારે સીમાદર્શન પણ શરૂ કરાવ્યું છે. મુખ્યમંત્રીએ વધુમાં કહ્યું કે, કોરોના પેન્ડેમીકને કારણે સૌથી વધુ અસર ટુરિઝમ ક્ષેત્રને થઈ છે. જેમાં ટૂર ઓપરેટર્સ, ટ્રાન્સપોર્ટર્સ અને હોટેલ વ્યવસાય સાથે સંકળાયેલા લોકોને પણ વ્યાપક અસર થઈ છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું કે, સેવા ક્ષેત્રમાં પ્રવાસન ક્ષેત્રે સૌથી વધુ રોજગાર-ધંધા સર્જન થવાની શક્યતાઓ રહેલી છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાને ટુરીઝમ ક્ષેત્ર પર વિશેષ ભાર આપ્યો છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી, બાલાસિનોર ફોસાઈલ પાર્ક, ગાંધી સર્કિટ અને શિવરાજપૂર બ્લ્યુ બીચ સરકારની પ્રવાસન સ્થળોને વિશ્વકક્ષાના બનાવવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે. તેમણે ઉમેર્યું કે, કોરોનાની મહામારી દરમિયાન પણ માર્ગદર્શિકાના પાલન સાથે અંદાજે ૨૫ હજાર લોકો દરરોજ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લે છે, ત્યાંના વિવિધ આકર્ષણોનો આનંદ મેળવે છે. રાજયના પ્રવાસન ક્ષેત્રને આપણે નવી ઉંચાઈઓ સર કરાવી શું તે નિશ્ચિત છે. તેઓએ એવોર્ડ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

## ૧૬મીથી સાબરકાંઠામાં કોરોના વેક્સીન કાર્યક્રમનો પ્રારંભ થશે

હિંમતનગર, તા.૧૧

કેન્દ્રના સ્વાસ્થય મંત્રાલય ધ્વારા વૈજ્ઞાનિકો પાસે વિકસાવાયેલી કોરોનાની રસીના સફળ પરીક્ષણ બાદ વડાપ્રધાને દેશમાં તમામ સ્થળે એકીસાથે નાગરીકોને કોરોના વેક્સીન આપવાની જાહેરાત કરી છે ત્યારે પ્રથમ તબક્કામાં કોરોના વોરીયર્સ તરીકે ફરજ બજાવતા મેડીકલ સ્ટાફનો સમાવેશ કરવાનું નક્કી કરાયુ છે ત્યારે તા.૧૦ જાન્યુઆરીથી સાબરકાંઠા જિલ્લામાં નવ સ્થળે ૯૦૦ લોકોને રસી આપીને પ્રથમ તબક્કો શરૂ કરાશે. આ અંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડ. રાજેશ પટેલ તથા કોરોના રસીકરણની જવાબદારી સંભાળતા ડ.. જયેશ પરમારના જણાવાયા મુજબ સાબરકાંઠા જિલ્લામાં કોરોના વેક્સીન કાર્યક્રમ શરૂ કરવા અંગે સોમવારે વિડિયો કોન્ફરન્સના માધ્યમજથી ઉચ્ચ અધિકારીઓ પાસેથી માર્ગદર્શન લેવામાં આવ્યુ હતું.

# અરવલ્લી એલસીબીનો સપાટો

## જીવણપુર નજીક સ્કોર્પિઓમાંથી ૧.૫૧ લાખ અને ઇકો કારમાંથી ૫૮ હજારનો દારૂ ઝડપ્યો અમરાઈવાડી બુટલેગરને દબોચ્યો

અરવલ્લી જીલ્લા એલસીબી પોલીસે સતત બીજા દિવસે જીલ્લાના હાઈવે અને અંતરિયાળ માર્ગો પર સઘન પેટ્રોલિંગ હાથ ધરી સ્કોર્પિઓ અને ઈકો કારમાં થતી વિદેશી દારૂની હેરાફેરીનો પર્દાફાશ કર્યો હતો. મોડાસાના જીવણપુર ગામ નજીકથી સ્કોર્પિઓ ગાડીનો ફીલ્મી ઢબે પીછો કરી ૧.૫૧ લાખથી વધુનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો અન્ય એક ટીમે ભિલોડા-શામળાજી રોડ પર રીંટોડા ગામ નજીકથી ઈકો કારમાં વિદેશી દારૂ ભરી પસાર થતા અમરાઈવાડીના બુટલેગરને ઝડપી લઈ ઈકો કારમાંથી ૫૮ હજારથી વધુનો દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો.

જીલ્લા પોલીસવડા સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ અરવલ્લી એલસીબી પીઆઈ આર.કે. પરમાર અને તેમની ટીમે બુટલેગરો સામે સખ્ત કાર્યવાહી કરતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે. એલસીબી પોલીસે ટીંટોઈ ગામ નજીક વાહન ચેકીંગ દરમિયાન શામળાજી તરફથી પુરઝડપે આવી રહેલ સ્કોર્પિઓ





ગાડીને અટકાવવાનો પ્રયાસ કરતા ગાડી ચાલકે સ્કોર્પિઓ દોડાવી મુકતા પોલીસે પીછો કરી જીવણપુર ગામ નજીક સ્કોર્પિઓમાં રહેલ બુટલગર રોડ પર ગાડી મૂકી ફરાર થઇ જતા એલસીબી પોલીસે સ્કોર્પિઓ ગાડીમાંથી વિદેશી દારૂની ૨૫૨ બોટલ કીં. રૂ.૧૫૧૨૦૦નો જથ્થો જપ્ત કરી સ્કોર્પિઓ ગાડી કીં. રૂ.૭ લાખ મળી કુલ રૂ.૮૫૧૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લી એલસીબી પોલીસની અન્ય એક ટીમે શામળાજી-ભિલોડા રોડ પર પેટ્રોલીંગ હાથ ધર્યું હતું ત્યારે જેશીંગપુર ગામના વસંત બરંડા અને વનરાજ નામના બુટલેગરોએ એક ઈકો કારમાં વિદેશી દારૂ ભરી આપ્યો હોવાની અને ઈકો કાર શામળાજી તરફ આવતી હોવાની બાતમી મળતા રીંટોડા ગામ નજીક એલસીબી પોલીસે નાકાબંધી કરી બાતમી આધારિત ઈકો કાર આવી પહોંચતા અટકાવી તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂની બોટલ-ક્વાંટરીયા નંગ-૨૫૨ કીં. રૂ.૫૮૮૦૦ના જથ્થા સાથે અમદાવાદ ભીમપાર્ક એપાર્ટમેન્ટ માં રહેતા રોહિત હસમુખલાલ બેલાણી નામના બુટલેગરને દબોચી લીધો હતો. ઈકો કાર, વિદેશી દારૂ મળી કુલ રૂ.૨૫૮૮૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ત્રણે બુટલેગરો સામે ભિલોડા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી વિદેશી દારૂ ભરી આપનાર બંને બુટલેગરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# અરવલ્લીમાં શિક્ષક સંઘ આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટ સમિતિમાં અન્ય સંગઠનના હોદ્દેદારનો સમાવેશ કરાતાં તર્કવિતર્ક

અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ચાણક્ય ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૧નું આયોજન કરવામાં આવ્યું છે અને આયોજનના ભાગરૂપે આયોજન સમિતિની રચના કરવામાં આવી ત્યારે આ સમિતિમાં અન્ય સંગઠનના હોદ્દેદારને સ્થાન આપવામાં આવતા જિલ્લાભરના શિક્ષકોમાં અનેક તર્ક વિતર્કો થઈ રહ્યા છે.

અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ૧૦મી સપ્ટેમ્બરના રોજ કરાયેલા આદેશમાં જણાવ્યા પ્રમાણે અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનો સભાસદ અન્ય સંગઠનનો સભ્ય થઈ શકશે નહિ અને અન્ય સંગઠનમાં જોડાશે તો તેવા સભાસદનું સભ્યપદ અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘમાથી આપોઆપ રદ ગણાશે. આ પ્રકારનો આદેશ અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા કરવામાં આવ્યો હોવા છતાં પણ જિલ્લા સંઘ દ્વારા આયોજીત ક્રિકેટ ટુર્નામેન્ટ આયોજન સમિતિમાં અરવલ્લી જિલ્લાના પ્રાથમિક શિક્ષકોના અન્ય સંગઠનના હોદ્દેદાર ને સ્થાન આપવામાં આવ્યું છે જેને લઈને આદેશ કરનાર જ આદેશને ઘોળીને પી જઈને બેવડી નીતિ અપનાવાતા હોવાનું જિલ્લાના પ્રાથમિક શિક્ષકોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

# ઉત્તરાયણ પર ધાબાઓમાં પોલીસના પોઈન્ટ મૂકાશે

અમદાવાદ, તા.૧૧

ઉત્તરાયણની ઉજવણી માટે મળેલા ગ્રીન સિગ્નલ બાદ તંત્ર પર માર્ગદર્શિકાના અમલ અંગે દબાણ રહેશે. તે માટે પોલીસ દ્વારા એક્શન પ્લાન ઘડવામાં આવ્યો છે. ગાઈડલાઈન્સનું પાલન થાય તે માટે પોલીસ દ્વારા ધાબા પર પોઈન્ટ્સ મુકવામાં આવશે અને દૂરબીન દ્વારા ખાસ નજર રાખવામાં આવશે. આટલું જ નહીં, નિયમ ભંગ કરનારા સામે તરત જ કાર્યવાહી કરવામાં આવશે.

ધાબા પર પોલીસ પોઈન્ટ અને દૂરબીનની મદદથી વોચ રાખવામાં આવશે. વોકીટોકી સાથે સજ્જ પોલીસકર્મીઓ દૂરબીનથી ધાબા પર વોચ રાખશે અને જ્યાં પણ લોકોનું ટોળું અને માસ્ક વગર દેખાશે એટલે તરત જ સ્થાનિક પોલીસને જાણ કરી તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. અમદાવાદના કોટ વિસ્તારમાં આવેલી પોળોમાં ઉત્તરાયણની ખાસ રંગત જોવા મળે છે. ત્યારે પોળ વિસ્તારમાં પોલીસનું સતત પેટ્રોલિંગ રહેશે. ધાબા પર અને રસ્તા પર પોલીસકર્મીઓ તહેનાત કરવામાં આવશે. ધાબા પોઈન્ટ પર દૂરબીન વડે પોલીસકર્મીઓ ધાબા પર વોચ રાખશે અને જ્યાં પણ વધુ માણસો દેખાશે ત્યાં કાર્યવાહી કરશે. સરકારની તમામ ગાઈડલાઈન્સનું ચુસ્ત પાલન કરાવવામાં આવશે. આટલું જ નહીં, પતંગ અને દોરીના બજારોમાં ખરીદી માટે ભીડ ન થાય તે માટે પણ પોલીસ સક્રિય થઈ છે. બજારોમાં ભીડ એકઠી ન થાય તે માટે પોલીસ પોઈન્ટ મુકવામાં આવશે અને સતત પેટ્રોલિંગ હાથ ધરાશે. ઉપરાંત વેપારીઓને પણ આ બાબતે ખાસ ધ્યાન રાખવા અને નિયમોના પાલન અંગે ખાસ ટકોર કરવામાં આવશે.આ દરમિયાન હવામાન વિભાગે કરેલી આગાહીથી પતંગરસિયાઓ આનંદિત થઈ શકે છે.

# માણાવદર અને મઢી બાદ સાવલીમાં બર્ડ ફ્લૂનો કેસ

ગાંધીનગર, તા.૧૧

ગુજરાતના જામનગર બાદ સુરતમાં પણ બર્ડ ફ્લૂની એન્ટ્રી થઈ. રાજ્યમાં જૂનાગઢ જિલ્લાના માણાવદર અને સુરત જિલ્લાના બારડોલીના મઢી બાદ હવે બર્ડ ફ્લૂનો ત્રીજો કેસ વડોદરાના સાવલીમાં સામે નોંધાયો છે. વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના વસંતપુરા ગામમાં ૩૦ કાગડા નાં મૃત્યુ થયાં બાદ ૫ સેમ્પલ ભોપાલ ખાતે રિપોર્ટ માટે મોકલવામાં આવ્યાં હતાં, જ્યાં ૩ કાગડા રિપોર્ટ બર્ડ ફ્લૂ પોઝિટિવ આવ્યો છે.

ચાર દિવસ પહેલા બારડોલીના મઢી રેલવે સ્ટેશનના સ્ટાફ ક્વાર્ટર્સમાંથી મૃત હાલતમાં મળી આવેલા ચાર કાગડામાંથી બેમાં બર્ડ ફ્લૂ પોઝિટિવ હોવાની પુષ્ટિ થઈ છે. બર્ડ ફ્લૂનો પોઝિટિવ કેસ નોંધાતા પશુપાલન વિભાગની સાથે આરોગ્ય વિભાગ પણ દોડતો થઈ ગયો છે. સુરતના ઉચ્છલમાં ૨૦૦૦ મરઘાંનાં ટપોટપ મોત થતાં તંત્ર હરકતમાં આવી ગયું હતું. દરમિયાન છઠ્ઠી જાન્યુઆરીના રોજ સુરતના બારડોલી સ્થિત મઢી રેલવે સ્ટેશનના સ્ટાફ ક્વાર્ટર્સમાંથી મૃત હાલતમાં ચાર કાગડા મળી આવતા તંત્રે બર્ડ ફ્લૂની તપાસ માટે ભોપાલ મોકલી આપ્યા હતા. ભોપાલ મોકલાયેલા ચાર કાગડા પૈકી બે કાગડામાં બર્ડ ફ્લૂ પોઝિટિવ હોવાની પુષ્ટી થઈ હતી. ગુજરાતમાં જૂનાગઢ જિલ્લાના માણાવદર અને સુરત જિલ્લાના બારડોલીના મઢી બાદ હવે બર્ડ ફ્લૂનો ત્રીજો કેસ વડોદરાના સાવલીમાં સામે નોંધાયો છે. બર્ડ ફ્લૂ પોઝિટિવનો પહેલો કેસ જામનગરમાં નોંધાઈ ચૂક્યો છે. ત્યારે રાજ્યમાં બીજો અને દક્ષિણ ગુજરાતમાં બર્ડ ફ્લૂનો પહેલો પોઝિટિવ કેસ સુરતમાં નોંધાયો છે.

બર્ડ ફ્લૂનો ચેપ પક્ષીમાંથી માનવીમાં ફેલાવાની સંભાવના ખૂબ જ ઓછી છે. આમ છતાં બર્ડ ફ્લૂ પોઝિટિવ પક્ષીઓના સીધા સંપર્કમાં આવવાથી ચેપ લાગી શકે છે. દરમિયાન મનુષ્યમાં પણ બર્ડ ફ્લૂ ફેલાવાની સંભાવના હોવાથી આરોગ્ય વિભાગે સઘન સર્વેલન્સ શરૂ કર્યું છે.રાજ્યમાં ચોતરફ મોટાપાયે પક્ષીઓના શંકાસ્પદ મોતને પગલે સલામતીના ભાગરૂપે તમામ પ્રાણી સંગ્રહાલયોમાંના પક્ષીઘરો વિઝિટર્સ માટે તાત્કાલિક અસરથી બંધ કરી દેવાયા છે અને એ સાથે નળસરોવર, થોળ, ખિજડિયા સહતિના વેટલેન્ડ્સ જે શનિ-રવિ દરમિયાન ખુલ્લા રખાયા હતા.

## નિરસતા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યુ હતુ. શાળાના વર્ગખંડોને પણ સેનેટાઇઝ કરીને વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. શાળાઓમાં કોવિડ -૧૯ની ગાઇડલાઇનુ ચુસ્તપણે પાલન કરવામાં આવ્યુ હતુ કોરાનાના કપરા કાળમાં લાંબા સમય બાદ શાળાઓ શરૂ થતા વિદ્યાર્થીઓને વિશેષ રીતે વેલકમ કરવામાં આવ્યા હતા કેટલીક શાળાઓમાં સેનેટાઇઝર અને માસ્ક સહીતની કીટ વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી જયારે અમુક શાળાઓમાં વૈદિક મંત્રોચ્ચાર અને પ્રાર્થના સાથે વિદ્યાર્થીઓને વેલકમ કરાયુ હતુ. શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરીથી જનજીવનમાં પણ ધમધમાટ જોવા મળ્યો હતો. મહીનાઓના અંતે વહેલી સવારે શાળાઓ તરફ જતા વિદ્યાર્થીઓના લીધે જનજીવનમાં પણ રોનક નિખરી હતી. વિદ્યાર્થીઓ કે શિક્ષકોને કોરોનાનુ સંક્રમણ ન લાગે તે માટે શિક્ષકોનુ પણ ટેમ્પ્રેરેચર માપવામાં આવ્યુ હતુ. નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભ બાદ પ્રથમવાર શાળાએ જતા વિદ્યાર્થીઓને શાળા સ્ટાફ દ્વારા પણ શુભેચ્છા પાઠવવામાં આવી હતી જયારે વિદ્યાર્થીઓને મુકવા માટે વાલીઓની સંખ્યા પણ વિશેષ જોવા મળી હતી. કોરોના લીધે શાળાના પ્રવેશદ્વારે વિદ્યાર્થીઓને ફુલ કે સાંકર આપીને વેલકમ કરવાના બદલે મંત્રોચ્ચાર અને પ્રાર્થના કરીને સ્વાગત કરાયુ હતુ. નગરની મોટાભાગની શાળાઓમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી જોવા મળી હતી. શહેરની શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી ૪૦ ટકાથી નીચી રહી હતી જેના લીધે શાળાઓમાં સોશિયલ ડીસ્ટન્સીંગનુ પાલન કરવામાં સરળતા રહી હતી. ધો -૧૦ કરતા ધો -૧૨ ના વિદ્યાર્થીઓની હાજરી વિશેષ રહી હતી. કોરોના કાળમાં મહીનાઓના અંતે શાળાઓ શરૂ થઈ છે. પરંતુ શાળાઓમાં હજુ વિદ્યાર્થીઓનો ધમધમાટ જોવા મળતો નથી.કેટલીક શાળાઓમાં એક પણ વિદ્યાર્થી ન આવ્યો હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. શાળાના પ્રારંભે ચલો સ્કુલ ચલે હમના અભિગમમાં કોરોનાના કહેર વચ્ચે નિરસતા જોવા મળી હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ હતુ. જો કે ધીમે ધીમે શાળા સંકુલોમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધતા કોલાહલ ગુંજવા માંડશે તેવી આશા પણ શિક્ષકો વ્યકત કરી રહ્યા છે.

## હડતાલ પર જશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વર્ગ-૩ના મ.મ.હે.વ., પિ.હે.વ., સુપરવાઈઝર, ફાર્માસીસ્ટ, લેબ. ટેકનીશ્યનના ગ્રેડ પે સુધારવા, આરોગ્ય કર્મચારીઓને ૮ કિ.મી. નીચેની ફેરણીનું ભથ્થુ આપવાની અમારી માંગણી બે વર્ષ જુની છે. આ માટે વારંવાર લેખિત અને મૌખિક રજુઆતો પછી સરકારે આપેલ ખાત્રીનું પાલન પણ કરવામાં આવ્યુ નથી આથી ના છૂટકે અમારે આંદોલનનો માર્ગ પસંદ કરવો પડ્યો છે. આ બાબતે અમે મુખ્યમંત્રીને પણ પત્ર લખી રજુઆત કરી હતી.

## લાલઘૂમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છીએ અને બીજાના વિરોધમાં. ચીફ જસ્ટિસ એસ એ બોબડેએ સરકારને કહ્યું કે, જે રીતે પ્રક્રિયા ચાલી રહી છે, તેનાથી અમે નિરાશ છીએ. અમને નથી ખબર કે સરકારની ખેડૂતો સાથે શું વાતચીત ચાલી રહી છે. સાથે જ પૂછ્યું કે, શું કૃષિ કાયદાને થોડાક સમય માટે અટકાવી શકાય છે? ચીફ જસ્ટિસે કહ્યું કે, અમુક લોકો આપઘાત કરી ચૂક્યાં છે. વૃદ્ધ અને મહિલાઓ આંદોલનમાં સામેલ છે. આ બધું ચાલી શું રહ્યું છે?

એટર્ની જનરલે કહ્યું કે, સુપ્રીમ કોર્ટના જૂના નિર્ણયમાં કહેવામાં આવ્યું છે કે કોર્ટ કાયદા પર પ્રતિબંધ ન લગાવી શકે. કોર્ટ કોઈ કાયદા પર ત્યાં સુધી રોક ન લગાવી શકે, જ્યા સુધી એ સ્પષ્ટ ન થઈ જાય કે કાયદો નિયમોને બાજુમાં રાખીને લાગૂ કરાયો છે અને એનાથી લોકોના અધિકારનું હનન થાય છે. હરિયાણાના મુખ્યમંત્રી સાથે જે થયું, તે ન થવું જોઈએ. ખેડૂત ૨૬ જાન્યુઆરીના રાષ્ટ્રીય મહત્વના દિવસને બરબાદ કરવા માટે રાજપથ પર ટ્રેક્ટર માર્ચ કાઢવાની યોજના બનાવી રહ્યાં છે.

જ્યારે ખેડૂતોના વકીલે કહ્યું કે, ખેડૂતોને રામલીલ મેદાન જવાની મંજૂરી મળવી જોઈએ. તે કોઈ પણ પ્રકારની હિંસા ઈચ્છતા નથી. ચીફ જસ્ટિસે સુનાવણી દરમિયાન કહ્યુ કે સરકારની આ દલીલ નહી ચાલે કે તેને કોઈ અન્ય સરકારે શરૂ કર્યુ હતું. તમે કઈ રીતે હલ કાઢી રહ્યા છો? સરકારે સુપ્રીમ કોર્ટને કહ્યુ કે ૪૧ ખેડૂત સંગઠન કાયદો પરત લેવાની માંગ કરી રહ્યા છે, આંદોલન ચાલુ રાખવા કહી રહ્યા છે. ચીફ જસ્ટીસે કહ્યુ કે, અમારી પાસે આવી એક પણ દલીલ નથી આવી જેમાં આ કાયદાની પ્રશંસા થઈ હોય. કોર્ટે કહ્યું કે, અમે ખેડૂત મામલે એક્સપર્ટ નથી પરંતુ શું તમે આ કાયદાને રોકશો અથવા અમે પગલા ભરીએ. સ્થિતિ સતત ખરાબ થઈ રહી છે, લોકો મરી રહ્યા છે અને ઠંડીમાં બેઠા છે. ત્યા ભોજન, પાણીનું ધ્યાન કોણ રાખી રહ્યું છે?

## પડકાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરશે તો કમુહુર્તામાં જ આરજેડી ખેલ પાડી દેશે અને ભાજપને રફેદફે કરી દેશે. આ આરજેડીની તરફથી ખુલ્લો પડકાર છે.

મૃત્યુંજય તિવારીએ ભુપેન્દ્ર યાદવને પ્રશ્ન પૂછયો કે શું આખરે બિહારમાં ૧૯ લાખ રોજગારીનું સર્જન, ધ્વસ્ત કાયદો વ્યવસ્થા અને વધતા ગુનાના મુદ્દા પર તેઓ પોતાની વાત કેમ કહેતા નથી?

મૃત્યુંજય તિવારીએ કહ્યું કે ભુપેન્દ્ર યાદવનું આરજેડીને બર્બાદ કરવાનું સપનું પુરૂં નહીં થાય અને તેની પહેલાં જ ભાજપ બર્બાદ થઈ જશે.

આપને જણાવી દઈએ કે હાલમાં બિહારમાં પક્ષ વિપક્ષની વચ્ચે જુબાની જંગ ચાલી રહ્યો છે. અહીં બંને તરફથી એ દાવો કરાઈ રહ્યો છે કે ૧૪ જાન્યુઆરી એટલે કે મકરસંક્રાંતિ બાદ બિહારમાં મોટા ફેરફાર થશે. તેની પહેલાં આરજેડી નેતા શ્યામ રજકે દાવો કર્યો હતો કે જેડીયુના ૧૭ ધારાસભ્ય આરજેડીમાં આવવા તૈયાર છે.

## સંકટ ઘેરાયું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મઢી ખાતે પાંચ દિવસ પૂર્વે પાંચ કાગડા મૃત હાલતમાં મળી આવ્યા હતાં.જેથી પશુપાલન વિભાગે મૃત કાગડાઓનાં સેમ્પલ લઈને પરીક્ષણ માટે ભોપાલ સ્થિત લેબોરેટરી ખાતે મોકલ્યાં હતાં. જેમાં બર્ડ ફ્લૂની પુષ્ટિ થઈ છે. જ્યારે વડોદરામાં બર્ડ ફ્લૂની દહેશત છે. રિલાયન્સ ટાઉનશીપમાંથી ૩ મોર મૃત હાલતમાં મળી આવ્યાં હતા. જ્યારે કરજણમાં ૫૪ કબૂતર મૃત મળી આવ્યાં છે. સિંધરોટ ગામે ૩૦ મરઘાના મોત થયા છે.

## પિતા બન્યો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ સમાચારથી ચાહકોના આનંદનો પાર નથી રહ્યો. લોકો આ ખુશખબર સાંભળીને ખુબ જ ખુશ થયા છે. વિરાટ કોહલી અને અનુષ્કાને અભિનંદન પાઠવી રહ્યા છે. અનુષ્કા શર્માએ દીકરીને જન્મ આપ્યો છે. અનુષ્કા અને વિરાટની દીકરીનો જન્મ મુંબઈની બ્રીચ કેંડી હોસ્પિટલમાં આજે બપોરે થયો હતો. વિરાટ કોહલીએ આ માહિતી સોશિયલ મીડિયા દ્વારા આપી હતી. અને દીકરીના આગમનની જાણકારી આપી હતી.

## પ્રથમ દિવસે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે ગ્રામ્ય વિસ્તારમાં ૬૦૦ જેટલા ફ્રન્ટલાઈન વોરિયર્સને રસી આપવાનો હાલ અંદાજ છે. જ્યારે ગાંધીનગર સહેરમાં ૩ સેન્ટરો પર ૩૦૦ જેટલા વોરિયર્સને રસી આપવામાં આવશે.

હાલ તો તંત્ર કોરોના વેક્સીનેશન માટે મિશન મોડ પર કામગીરી કરી રહેલ છે. મળતા નિર્દેશો મુજબ વેક્સીનેશનની કામગીરી સવારે નવ વાગ્યાથી શરૂ કરવાનું હાલ આયોજન વિચારવામાં આવ્યુ છે.

વેક્સીનેશન માટે કોવિડશિલ્ડ વેક્સીન આપવામાં આવશે. ૨૮ દિવસ બાદ બીજો ડોઝ પણ લાભાર્થીએ લેવાનો રહેશે.